# સંશોધન નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ–૩૮૮૧૧૦

વંચાણે લીધો : કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં પત્ર જા.નં. આકૃયુ/રજી/એકે (મીટીંગ)/(૧૨૧)/૧૫૮૧-૧૫૯૧/૨૦૧૭, તા.૧૩/૧૨/૨૦૧૭ ની સાથે સામેલ નિયામક મંડળની ૪૬ મી બેઠકની કાર્યનોંધ.

## : જા હે ર ના મુ :

આથી સબંધકર્તા સર્વેને જાણ અર્થે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની નિયામક મંડળની તા.૦૫-૧૨-૨૦૧૭ ના રોજ ગોધરા ખાતે યોજાયેલ બેઠકના મુદ્દા નં. ૪૬.૧૪ થી નીચે મુજબ ઠરાવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની આયોજીત યોજનાઓ હેઠળ આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટેની કુલ રૂ.૧૦૬૮૦.૯૦ લાખની અંદાજપત્રીય જોગવાઈ અંગેની દરખાસ્ત રાજ્ય સરકારશ્રીને રજુ કરવા માટે રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદને રજૂ કરવામાં આવેલ છે, જે મંજૂર કરવામાં આવે છે.

વધુમાં, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ દ્વારા કરવામાં આવતા સૂચન તથા રાજ્ય સરકારશ્રી તરફથી પ્લાન સીલીંગની ફાળવણી કરવામાં આવે તેની મર્યાદામાં આયોજીત યોજનાઓની વર્ષ ૨૦૧૮-૧૯ માટેના અંદાજપત્રીય જોગવાઈની દરખાસ્તમાં ફેરફાર કરવાની સત્તા માન. કુલપતિશ્રીને એનાયત કરવામાં આવે છે."

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં. આકૃયુ/ડીઆર/પ્લાન-૨/ ૧૦૪૧૪ /૧૭
તા: ૨૨ /૧૨/૨૦૧૭

*નકલ સવિનય રવાના:*